# <u>કિસાન ગોષ્ઠી રીપોર્ટ</u>

પ્રગતીશીલ ખેડૂત શ્રી મનીષભાઇ એમ. પટેલ, મુ.વણસોલ, તા. ઉમરેઠ, જિ. આણંદના ફાર્મ ખાતે તા. ૧૪-૧૦-૨૦૨૧ ના રોજ આત્મા પ્રોજેક્ટ, આણંદ અંતર્ગત "ઓરાણ ડાંગર-રવિ પાક-પ્રાકૃતિક ખેતી" વિષય ઉપર કિસાન ગોષ્ઠીનું આયોજન થયેલ. જેમાં કાર્યક્રમની શરૂવાતમાં સર્વે અધિકારીશ્રીઓ તેમજ ખેડૂતો દ્વારા ફિલ્ડ વિઝીટ દરમ્યાન શ્રી મનીષભાઇ દ્રારા ડાયરેક્ટ સીડેડ રાઈસ (ઓરાણ) પધ્ધતિથી ઉગાડેલ જી.આર. ૨૧ (વાત્રક) જાત તથા ડાંગરની જુદી-જુદી જાતોનું નિર્દશન નિહાળેલ.

આ કાર્યક્રમ હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. ઉપકુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, જિલ્લા વિકાસ અધિકારી (આણંદ) શ્રી બી. જી. પ્રજાપતિ, જિલ્લા ખેતીવાડી અધિકારી (આણંદ), શ્રી ચિંતનભાઇ પટેલ, આણંદ જિલ્લા કિસાન મોરચાના પ્રમુખશ્રી કેતનભાઇ પટેલ, યુવા મોરચા મંત્રીશ્રી જયમીનસિંહ તેમજ મુખ્ય ચોખા સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ચોખા) ડૉ. એમ. બી. પરમાર, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ, મદદ. સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડી.જે. કાચા, નિવૃત્ત સંયુક્ત ખેતી નિયામક (બાગાયત) શ્રી બી.યુ.પરમાર, આણંદ જિલ્લા પ્રાકૃતિક ખેતી કિસાન પ્રમુખશ્રી કેતનભાઇ, પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા) શ્રી પી.બી.પરમાર, શ્રી સુરેશભાઇ મહેરીયા (આત્મા), તાલુકા પંચાયતના સભ્યશ્રી, વણસોલ ગામના સરપંચશ્રી સર્વે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ડાંગર તથા અન્ય ખેતી પાકોમાં પ્રાકુતિક ખેતી વિષયક માહિતી ખેડૂતોને આપેલ અને ખેત નિદર્શન નિહારેલ.

ઉમરેઠ તેમજ આણંદ તાલુકાના ૧૨૫ જેટલા ખેડૂત ભાઇઓ બહેનોએ તાલીમ ગોષ્ઠી અને ખેત નિદર્શન નિહારેલ. સદર પ્રોગ્રામમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ડાયરેક્ટ સીડેડ રાઈસ (ઓરણ ડાંગર)ની ખેતી, તેના ફાયદાઓ અને તેમાં ધ્યાનમાં રાખવા જેવી અગત્યની બાબતો વિષે ઉડાણ પૂર્વક માહિતી આપવામાં આવેલ. આ નવિન અભિગમથી ડાંગરની ખેતીમાં મોટા પાયે ઉપયોગ થતાં વિવિધ સંશાધનો જેવા કે, પિયત માટેનું પાણી, ધરુવાડીયુ તથા રોપણી માટે વપરાતા મજુર, રાસાયણિક ખાતર વગેરે ખર્ચમાં ઘટાડો થતા ઓછા ખર્ચે વધુ આવક મેળવી તેમજ જમીનની ફળદ્રુપતા તથા પર્યાવરણની જાળવણી થાય છે. રોપાણ ડાંગર કરતાં ડાયરેક્ટ સીડેડ રાઈસ (ઓરાણ) પદ્ધતિમાં પિયત પાણીના ઓછા વપરાશ તથા ડાંગરના પાકવાના દિવસો ઘટવાને લીધે ડાંગરમાં રોગ જીવાતનો પ્રશ્ન નહિવત જોવા મળેલ છે. જે ખેડૂતો તથા ઉપસ્થિત મુલાકાતીઓ દ્વારા પ્રત્યક્ષ નિહાળવામાં આવ્યું. નિદર્શનની મુલાકાત દરમ્યાન સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સુરેશભાઈ મહેરીયા(આત્મા) તથા અગ્રણી ખેડૂતભાઈઓ શ્રી મનીષભાઇ પટેલ અને ભાલેજના શ્રી કેતનભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે સર્વે અધિકારી/ કર્મચારીગણ તથા ખેડૂતોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)














પ્રોગ્રામમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ડાયરેક્ટ સીડેડ રાઈસ (ઓરાણ ડાંગર)ની ખેતી, તેના ફાયદાઓ વિષે ઉડાણ પૂર્વક માહિતી આપવામાં આવેલ